પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૦૮ | ૨૮ જુન, ૨૦૧૯, શુક્રવાર; જયેષ્ઠ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## વિરાટની 'વિરાટ' સિદ્ધિ : સૌથી ઝડપી વીસ હજાર રન

**બ્રાયન લારા અને સચિન તેંડુલકરના રેકોર્ડને તોડવામાં સફળ : વિરાટ કોહલીએ ૪૧૭ ઈનિંગ્સમાં ૨૦૦૦૦ આંતરરાષ્ટ્રીય રન માટે સિદ્ધિ હાંસલ કરી : રિકી પોન્ટિંગે ૪૬૪ દાવમાં આ સિદ્ધિ મેળવી હતી**



માન્ચેસ્ટર, તા. ૨૭
ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ આજે તેની યથકલગીમાં વધુ એક મોર પીછુ ઉમેરી દીધુ હતુ. વેસ્ટ ઈન્ડિઝની સામે તે વધુ એક ઈતિહાસ રચવામાં સફળ રહ્યો હતો. તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપથી ૨૦૦૦૦ રન બનાવનાર ખેલાડી બની ગયો હતો. ભારતના સચિન તેન્ડુલકર અને વેસ્ટ ઈન્ડિઝના બ્રાયન લારાના રેકોર્ડને તોડી દેવામાં તે સફળ રહ્યો હતો. વિરાટ કોહલીએ આ સિદ્ધી ૪૧૭મી ઈનિગ્સમાં હાંસલ કરી લીધી હતી. અફઘાનિસ્તાનની સામે મેચ પહેલા તેના નામ પર ૧૯૮૯૬ રન હતા. વિરાટ કોહલીને આ આંકડા સુધી પહોંચી જવામાં ૧૦૪ રનની જરૂર હતી. એ મેચમાં વિરાટ કોહલીએ ૬૭ રનની ઈનિગ્સ રમી હતી. એટલે કે તેને આ મેચમાં ૨૦હજાર રનની આંતરરાષ્ટ્રીય સિદ્ધી પર પહોંચી જવા માટે ૩૭ રનની જરૂર હતી. આ ૩૭ રન આજે વિરાટ કોહલીએ પૂર્ણ કરી લીધા હતા. વેસ્ટ ઈન્ડિઝની સામે મેચની ૨૫મી ઓવરમાં ચોથા બોલ પર હોલ્ડરની સામે એક રન લઈને વિરાટ કોહલીએ આ સિદ્ધી હાંસલ કરી લીધી હતી. આની સાથે જ તેની ઐતિહાસિક સિદ્ધી થઈ ગઈ હતી. આ પહેલા આ રેકોર્ડ ભારતના સચિન તેન્ડુલકરના નામ પર હતો. સતિન અને લારાના નામ પર આ રેકોર્ડ રહ્યો હતો. સચિન અને લારાએ ૪૫૩ ઈનિગ્સમાં ૨૦ હજાર આંતરરાષ્ટ્રીય રન બનાવી લીધા હતા. જ્યારે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી

● અનુસંધાન પાન-૭ પર



જાપાનમાં મોદી છવાયા - જી-૨૦ શીખર પરિષદમાં ભાગ લેવા જાપાન પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કોબે ખાતે ભારતીય સમુદાયની મુલાકાત લીધી તે સમયે ભારતીય ખુશખુશાલ બન્યા હતા... પ્રધાનમંત્રીએ બાળકો સાથે ખૂબ ઉત્સાહપૂર્વક વાતો કરી ભારતના રંગે રંગી દીધા હતા.... જાપાન સ્થિત ભારતીયોએ પણ ઉષ્માભર્યું પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું.... સાથે સાથે રાષ્ટ્ર પ્રેમ વ્યક્ત કર્યો હતો...

## લુધિયાણાની જેલમાં વ્યાપક હિંસા

**અનેક પોલીસ ઘાયલ : સ્થિતિનો લાભ ઉઠાવી કેટલાક કેદી ફરાર થયા : સ્થિતિને નિયંત્રણમાં લેવા પોલીસને જહેમત ઉઠાવવી પડી**



લુધિયાણા, તા. ૨૭
પંજાબના લુધિયાણાની હાઈસિક્યુરિટી જેલમાં કેદીઓના બે જૂથ વચ્ચે જોરદાર સંઘર્ષ દરમિયાન આશરે એક ડઝન કેદીઓ અને પોલીસ કર્મીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. મળેલી માહિતી મુજબ કેદીઓના એક જૂથે ગેસ સિલિન્ડરના માધ્યમથી આગ ચાંપી દીધી હતી. સ્થિતિ પર કાબૂ મેળવવા માટે પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જેલમાં કેદીઓની વચ્ચે રક્તપાતની માહિતી મળતાની સાથે જ જેલ વહીવટીતંત્ર અને લુધિયાણા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી પરંતુ સ્થિતિ એ વખતે વધારે ખરાબ થઈ ગઈ હતી જ્યારે જેલમાં બંને તરફથી જોરદાર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ગાળા દરમિયાન જેલ સંકુલમાં જોરદાર પથ્થરમારા વચ્ચે બ્લાસ્ટના અવાજ સંભળાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## નિર્મલા સીતારામન મનમોહનસિંહને મળ્યા

નવી દિલ્હી, તા.૨૭
નાણામંત્રી નિર્મલા સીતારામન પાંચમી જુલાઈના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. આજે તેઓએ પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ સાથે વાતચીત કરી હતી. સીતારામન દિલ્હીમાં તેમના આવાસે પહોંચ્યા હતા. નાણામંત્રી બન્યા બાદ નિર્મલા સીતારામનનું આ પ્રથમ બજેટ હશે. એનડીએની અગાઉની સરકારમાં તેઓ સંરક્ષણમંત્રી હતા. મનમોહનસિંહ નરસિંહરાવ સરકારમાં નાણામંત્રી તરીકે હતા. ૧૯૯૧માં કરવામાં આવેલા આર્થિક સુધારા માટે તેઓ જાણીતા રહ્યા છે. ૨૮ વર્ષમાં પ્રથમ વખત તક છે જ્યારે મનમોહનસિંહ બજેટ સત્રમાં ઉપસ્થિત રહેશે નહીં. રાજ્યસભામાં તેમની અવધિ પૂર્ણ થઈ ગઈ છે. ૧૯૯૧માં પ્રથમ વાર આસામમાંથી રાજ્યસભા સાંસદ તરીકે ચુંટાઈ આવ્યા હતા. સીતારામન દેશના પ્રથમ પૂર્ણ મહિલા સંરક્ષણમંત્રી હતા.

## ન્યુઝ ટ્રેક

### એર ઈન્ડિયાની ફ્લાઈટને બોમ્બથી ઉડાવવાની ધમકી

એર ઈન્ડિયાની એક ફ્લાઈટને લંડનમાં ઈમરજન્સી લેન્ડ કરાવાઈ છે. ફ્લાઈટને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. ગુપ્તચર એજન્સીના એલર્ટ બાદ સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ ફ્લાઈટને લંડનમાં લેન્ડ કરાવાઈ હતી.

### ગોદરેજ પરિવારમાં વિવાદ

૧૨૨ વર્ષ જૂના કારોબારી ગ્રુપ ગોદરેજમાં જમીનને લઈને વિવાદ થયો છે. મીડિયા રીપોર્ટના જણાવ્યા પ્રમાણે ગોદરેજ પરિવાર પાસે મુંબઈના વિક્રોલીમાં ૩૪૦૦ એકર જમીન છે. આ જમીનના વ્યવસાયિક ઉપયોગને લઈને વિવાદ ઉભો થયો છે.

### તમામ ચલણી સિક્કાઓ વેપારી અને બેન્કોએ સ્વીકારવા જ પડશે

ન્યુ દિલ્હી,તા.૨૭
જો હવે ગ્રાહક હોય કે વેપારી બધાએ ૫, ૧૦ રૂપિયાનાં અને ૫૦ પૈસાનાં સિક્કાઓ સ્વીકારવા પડશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ એક પરિપત્ર જાહેર કર્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે રૂપિયા ૧, ૨, ૫, ૧૦ અને ૫૦ પૈસાનાં સિક્કાઓ વેપારીઓએ અને બેંક્રોએ બધાંએ સ્વીકારવા જોઈએ. દરેક પ્રકારનાં સિક્કાઓ માન્ય અને ચલણમાં માન્ય અને કાયદેસર ચલણ માટે ચાલુ જ રહેશે.

### આકાશ વિજયવર્ગીયનો સાથ આપવા બદલ ઇન્દોર કોર્પોરેશનનાં ૨૧ કર્મી સસ્પેન્ડ

ઈન્દોર નગર નિગમના ૨૨ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. નિગમ કમિશ્નર આશિષ સિંહે તમામને સસ્પેન્ડ કર્યા છે. આરોપ છે કે બુધવારે નિગમના અધિકારી સાથે મારપીટમાં આ કર્મીઓએ બીજેપી ધારાસભ્ય આકાશ વિજયવર્ગીયનો સાથ આપ્યો હતો.

## નિરવ મોદીના સ્વિત્ઝર્લેન્ડમાં ચાર બેન્ક ખાતા સીઝ કરાયા

**નીરવ અને તેની બહેનના આ બેન્ક ખાતાઓમાં ૨૮૩.૧૬ કરોડ જમા હતા : નિરવ મોદી પર પંજાબ નેશનલ બેન્કને ૧૩૦૦૦ કરોડનો ચૂનો લગાવવાનો આરોપ : હાલ મોદી લંડનની જેલમાં બંધ છે**

ન્યુ દિલ્હી,તા.૨૭
પંજાબ નેશનલ બેંક કૌભાંડના મુખ્ય આરોપી અને ભાગેડુ નીરવ મોદી પર એજન્સીઓએ મોટું પગલું ભર્યું. તપાસ એજન્સીઓએ આ કેસમાં નરીવ મોદી અને તેમની બહેન પૂર્વી મોદી સાથે જોડાયેલ ચાર બેંક ખાતાને સ્વિટ્ઝરલેન્ડમાં સીઝ કર્યા છે. નીરવ અને પૂર્વીના આ ખાતામાં અંદાજે ૨૮૩.૧૬ કરોડ રૂપિયા જમા હતા. આપને જણાવી દઈએ કે નીરવ મોદી પર પંજાબ નેશનલ બેંકને અંદાજે ૧૩૦૦૦ કરોડ રૂપિયાનો ચૂનો લગાવાનો આરોપ છે.



આ બાબતે પર સ્વિસ બેંકની તરફથી એક રીઝીલ પણ રજૂ કરાઈ છે, તેમાં કહ્યું છે કે ભારતની માંગ પર તેમણે નીરવ અને પૂર્વી મોદીના ચાર ખાતા સીઝ કરી દીધા છે. આ બાબતમાં સતત બીજી મોટી સફળતા છે. આની પહેલાં બુધવારના રોજ આ કૌભાંડના બીજા આરોપી મેહુલ ચોકસીનું હવે ભારત પ્રત્યર્પણ કરી શકશે તેનો રસ્તો સાફ થઈ ગયો છે. એન્ટિગુઆના વડાપ્રધાને નિવેદન આપ્યું હતું કે અમે મેહુલ ચોકસીની નાગરિકતા રદ કરી રહ્યા છીએ, હવે તેની પાસે કોઈ કાયદાકીય રસ્તો બચતો નથી.

એવામાં હવે નીરવ મોદીને લઈ આ મોટા સમાચાર આવવા એજન્સીઓ માટે મોટી જીત છે. આપને જણાવી દઈએ કે નીરવ મોદી હજુ લંડનમાં છે અને ન્યાયિક કસ્ટડીમાં છે. તે ચાર વખત કોર્ટમાં જામીન માટે અરજી કરી ચૂકયો છે પરંતુ દર વખતે તેને નિષ્ફળતા જ હાથ લાગી છે. લંડનની કોર્ટે દર વખતે તેની અરજીને નકારી દીધી છે.

## પહેલી જુલાઈથી બેંક માટે ત્રણ મોટા નિયમ બદલાશે

**એનઈએફટી અને આરટીજીએસ ચાર્જ ખતમ થશે : એસબીઆઈથી હોમ લોન લેનાર ગ્રાહકોને રેટ ઘટવાની સ્થિતિમાં વધુ લાભ**

નવી દિલ્હી, તા. ૨૭
બેંકો સાથે જોડાયેલા ત્રણ ફેરફાર પહેલી જુલાઈથી અમલી બનનાર છે. આ ત્રણેય ફેરફારથી ગ્રાહકોને મોટી રાહત થશે. એકબાજુ એનઈએફટી અને આરટીજીએસ ચાર્જ ખતમ થઈ જશે. આ ચાર્જ ખતમ થવાથી ઓનલાઈન ટ્રાન્ઝિકશનને પ્રોત્સાહન મળશે. બીજી તરફ એસબીઆઈથી હોમ લોન લેનાર ગ્રાહકોને રેપોરેટ ઓછા હોવાથી લાભ મળશે. આ ઉપરાંત બેઝિક એકાઉન્ટ હોલ્ડર્સને પહેલા કરતા વધારે સુવિધા મળશે. ભારતીય રિઝર્વ બેંકે આરટીજીએસ અને એનઈએફટી મારફતે પૈસા ટ્રાન્સફર કરવા પર લાગતા ચાર્જને પહેલી જુલાઈથી ખતમ કરવાનો નિર્ણય કર્યો છે. રિયલ ટાઈમ ગ્રોથ સેટલમેન્ટ સિસ્ટમ મોટી રકમને

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

પ્રથમ વાર્ષિક સ્મરણાંજલિ



સતીશભાઈ બાબુભાઈ પટેલ

મૌન જેમની ભાષા હતી,
સહનશીલતા જેમની શૈલી હતી.
સૌમ્યતા, સાદગી, શિસ્ત, સમયપાલનના અખંડ ધારક એવા
અમારા સહુના પ્રેમાળ ઘેઘુર વડલાની છાયા છીનવાઈ ગઈ.
અમે સહુ સ્વજનો હૃદયોર્મિ સહ
સ્મરણાંજલિ અર્પી એમને વંદન કરીએ છીએ...

લિ.
ગિરા સતીશભાઈ પટેલ
કિરીટ બી. પટેલ
પરાગ પટેલ
મેહુલ સ. પટેલ
પુનિતા પટેલ
ગ્રિષ્મી-મહર્ષિ પટેલ
મયુર સ. પટેલ
કોમલ પટેલ
કલહાર પટેલ
રોહિત પટેલ